RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 131 * Date: 02.03.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# લગ્નમાં ૧૦થી વધુ લોકો ડાન્સ કરે તો ધરપકડ, આવા કાયદા અમે હટાવ્યા', બોલ્યા PM મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે (૧ માર્ચ) દ્ગઠ્ ના એક કાર્યક્રમમાં 'ડ્રામેટિક પરફોર્મન્સ એક્ટ'ને ટાંકીને કહ્યું કે, 'અંગ્રેજોના એક કાયદા પર દિલ્હીના પૉશ વિસ્તારમાં રહેતા લોકો કેમ શાંત રહ્યાં? અંગ્રેજોના બનાવેલા આ કાયદાને અમારી સરકારે દૂર કર્યો. એક કાયદો હતો, 'ડ્રામેટિક પરફોર્મન્સ એક્ટ'. આ કાયદો અંગ્રેજોએ ૧૫૦ વર્ષ પહેલાં બનાવ્યો હતો. અંગ્રેજો ઈચ્છતા હતાં કે, થિયેટર અને ડ્રામાનો ઉપયોગ તેમની વિરૂદ્ધ ન થાય. આ કાયદામાં એવી પણ જોગવાઈ હતી કે, ૧૦ લોકો ડાન્સ કરતાં જોવા મળે તો તેમની ધરપકડ કરી શકાય. દેશ આઝાદ થયા બાદ ૭૫ વર્ષ સુધી આ કાયદો ચાલુ રહ્યો. એટલે કે, આ તમે લગ્નમાં ડાન્સ કરી રહ્યાં હોય તો પોલીસ તમારી ધરપકડ કરી શકે. આ કાયદો અમારી સરકારે દૂર કર્યો.'

આ વિશે તેમણે આગળ કહ્યું કે, '૭૦ વર્ષ સુધી અમે કાયદાને સહન કર્યો. મારે તે સમયની સરકારો વિશે કંઈ નથી કહેવું પરંતુ, મને લુટિયન્સ જમાત અને ખાન માર્કેટ ગેન્ગ પર આશ્ચર્ય થાય છે. આ લોકો ૭૫ વર્ષ સુધી આવા કાયદા પર ચુપ કેમ હતાં? આ લોકો જે અવાર-નવાર કોર્ટ જતા રહે છે (જનહિતની અરજી)ના ઠેકેદાર બની બેઠા છે, તે કેમ ચુપ હતાં? ત્યારે તેમને લોકોની સ્વતંત્રતાનું ધ્યાન નહતું રહેતું.'પહેલાં વાંસ કાપવા પર પણ જેલ થઈ જતી હતી. આપણાં દેશમાં એવો કાયદો હતો, જેમાં વાંસનું ઝાડ કાપવાની મનાઈ હતી. પહેલાંની સરકારો એવું સમજી ન શકી કે વાંસ ઝાડ નથી હોતું. અમારી સરકારે આ કાયદાને પણ ખતમ કરી દીધો. ૨૬ જાન્યુઆરીએ પ્રયાગરાજમાં એકતાનો મહાકુંભ સંપન્ન થયો. દુનિયા ચોંકી ગઈ કે, આખરે કરોડો લોકો એક અસ્થાયી શહેરમાં ફક્ત પવિત્ર સ્નાન માટે કેવી રીતે આવી શકે? આખું વિશ્વ ભારતના આયોજન અને નવીનતા કૌશલ્ય પર નજર રાખી રહ્યું છે અને તેને વિગતવાર જાણવા માંગે છે.વડાપ્રધાન મોદીએ પોતાની ફ્રાન્સ યાત્રાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભારત હવે દુનિયાની મોટી સમિટની આગેવાની કરી રહ્યું છે. મને ફ્રાન્સમાં છઁ સમિટમાં સામેલ થવાની તક મળી. ભારત આ સમિટનું કો-હોસ્ટ હતું. હવે જલ્દી જ ભારત તેનું આયોજન કરશે. ભારતે G૨૦ ની અધ્યક્ષતા કરતાં ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યૂરોપ ઈકોનોમિક કોરિડોર માટે બ્લૂ પ્રિન્ટ રજૂ કરી. સાથે જ આફ્રિકન યુનિયનને G૨૦ નું સભ્ય બનાવીને ગ્લોબલ સાઉથનો અવાજ બુલંદ કર્યો.

## કોચિંગ એકેડેમીમાં કર્મચારીનું કૌભાંડ:કાઉન્સેલરે ૫૮ વિદ્યાર્થીઓ પાસેથી ૨૦.૮૦ લાખ ઉઘરાવ્યા




ગાંધીનગરના સરગાસણમાં સ્થિત અટ્રિયા બિઝનેસ હબમાં એક મોટું આર્થિક કૌભાંડ સામે આવ્યું છે. પ્રાજસ્વ ફાઉન્ડેશન એન્ડ એકેડેમીના કર્મચારીએ ૫૮ વિદ્યાર્થીઓ પાસેથી ૨૦.૮૦ લાખ રૂપિયાની ઠગાઈ કરી છે. સંસ્થાના માલિક મલ્હાર રાજેશભાઈ ભટ્ટે ૨૦૧૯થી આ સ્પર્ધાત્મક પરીક્ષા તૈયારી કેન્દ્ર શરૂ કર્યું હતું. તેમણે ગત વર્ષે ૧૫ જૂન ૨૦૨૩થી ભૌમિક શૈલેષભાઈ સુથારને માસિક ૨૦ હજાર રૂપિયાના પગારે કાઉન્સેલર તરીકે નિયુક્ત કર્યા હતા.

ભૌમિકને વિદ્યાર્થીઓના એડમિશન, ફી વસૂલાત અને ડિસ્કાઉન્ટ આપવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તે એકાઉન્ટન્ટ કનુભાઈને ફી જમા થયાની ખોટી માહિતી આપતો હતો. ડિસેમ્બર ૨૦૨૪માં જ્યારે સ્ટાફ મેમ્બર ફહેરીનબેને બાકી ફી માટે વિદ્યાર્થીઓનો સંપર્ક કર્યો, ત્યારે કૌભાંડ બહાર આવ્યું. તપાસમાં જાણવા મળ્યું કે ભૌમિકે વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અને રોકડ સ્વરૂપે ફી વસૂલી હતી. તેણે ખોટી રસીદો બનાવી એકાઉન્ટન્ટને આપી હતી. આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે

## જાતીય સતામણીના કેસમાં પુરુષોને ફસાવવાનો ટ્રેન્ડ, મહિલાની દરેક વાત સાચી ન માનવી : હાઈકોર્ટ

કેરળ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં કહ્યું કે ફોજદારી કેસોમાં, ખાસ કરીને જાતીય સતામણીના કેસમાં ફરિયાદી દ્વારા આપવામાં આવેલ દરેક નિવેદન સાચું છે તેવું માની લેવું ખોટું છે. કોર્ટે આમ પણ કહ્યું કે વર્તમાન સમયમાં જાતીય સતામણીના કેસમાં પુરુષોને ફસાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જસ્ટિસ પીવી કુન્હીકૃષ્ણને એક મહિલા કર્મચારી દ્વારા જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહેલા એક પુરુષને આગોતરા જામીન આપતી વખતે આ વાત કહી હતી.કોર્ટે કહ્યું કે, આ કેસમાં પોલીસે આરોપીની એ ફરિયાદની તપાસ ન કરી જેમાં તેમણે કહ્યું હતું કે, નોકરી પરથી કાઢી મૂક્યા બાદ મહિલાએ તેને ગાળો આપી હતી અને ધમકીઓ આપી હતી. કોર્ટે કહ્યું કે, 'એક ફોજદારી કેસની તપાસનો અર્થ માત્ર ફરિયાદીના પક્ષની તપાસ જ નથી, પરંતુ આરોપીના કેસની પણ તપાસ થવી જોઈએ. ફરિયાદી એક મહિલા હોવાને કારણે એવું માનવું યોગ્ય નથી કે તેનું દરેક નિવેદન સાચું જ છે. પોલીસ માત્ર મહિલાના નિવેદનના આધારે કાર્યવાહી ન કરી શકે. આરોપીના કેસની પણ ગંભીરતાથી તપાસ થવી જોઈએ.'કોર્ટે એમ પણ કહ્યું કે, 'હાલમાં તો મહિલાઓ દ્વારા પુરુષો પર જાતીય સતામણીના આરોપો જૂઠા હોવા છતાં પણ તેમને ફસાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જો પોલીસ તપાસમાં એ સામે




આવે કે, મહિલાઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપ જૂઠા હતા તો પોલીસ ફરિયાદી વિરુદ્ધ પણ કાર્યવાહી કરી શકે છે. આવું કાયદો પણ કહે છે.' કોર્ટે કહ્યું કે, જો કોઈ વ્યક્તિને જૂઠા આરોપોમાં ફસાવવામાં આવે તો તેમનું નામ, સમાજમાં પ્રતિષ્ઠા અને સ્ટેટસને નુકસાન થઈ શકે છે. માત્ર પૈસાના વળતરથી તેને પાછું મેળવી ન કરી શકાય. કોર્ટે પોલીસ અધિકારીઓને સત્યની તપાસમાં સતર્ક અને સટીક રહેવાની સલાહ આપી, જેથી આવા ગુનાહિત કેસની તપાસ દરમિયાન કોઈ નિર્દોષ વ્યક્તિને નુકસાન ન થાય.



તંત્રી લેખ

# પાંચ દિવસમાં રૂ. ૨૧ લાખ કરોડ ધોવાયા

ભારતીય શેર બજારોમાં રોકાણકારોને છેલ્લા પાંચ વર્ષમાં સાર્વત્રિક વિક્રમી તેજીમાં અનેક યુવા, મહિલા, સામાન્ય વર્ગને તાણી લાવીને બચતોને સીધા શેર બજારમાં અથવા મ્યુચ્યુઅલ ફંડોના માર્ગે રોકાણ માટે લલચાવતી વિક્રમી તેજીમાં લખલૂંટ કમાણી કરવાની સ્વપ્નિલ દુનિયામાં લઈ જવાયા બાદ આ વિક્રમી તેજીનો ફુગ્ગો માત્ર પાંચ મહિનામાં જ ફૂટી જતાં દરેક રોકાણ વર્ગમાં હતાશા છવાઈ છે. ભારતની ગ્રોથ સ્ટોરી મજબૂત હોવાના, ભારત વિશ્વની ત્રીજી મહાસત્તા બનવાના, પાંચ ટ્રીલિયન ડોલરનું અર્થતંત્ર બનવાના સ્વપ્નો બતાવી અને લોકસભા ચૂંટણી પૂર્વે મતદારોને પ્રલોભનો અપાતાં હોય એમ ચૂંટણી બાદ નવી વિક્રમી તેજી જોવાશે એવા નેતાઓના નિવેદનોથી લલચાઈ જનારા રોકાણકારોએ હવે વિક્રમી તેજીના આ ટૂંકા સમયગાળામાં જ થયેલા પતનથી રાતાપાણીએ રડવાનો વારો આવ્યો છે. યુક્રેન-રશીયા યુદ્ધ, હમાસ-ઈઝરાયેલ વોર સમયની જીઓપોલિટીકલ ટેન્શનના સમયમાં સાંગોપાંગ તેજીમાં રહેલા ભારતીય બજારો માટે અમેરિકામાં નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ટેરિફ વોર વધુ ઘાતક પૂરવાર થયું છે. શેરોમાં સાર્વત્રિક વેચવાલીએ આજે બ્લેક ફ્રાઈડે સર્જાઈ સેન્સેક્સમાં ૧૪૧૪ પોઈન્ટ અને નિફટી ૫૦ ઈન્ડેક્સમાં ૪૨૦ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો.

# તાલિબાનનું નવું જાસૂસી નેટવર્ક લાખ્ખો લોકો ઉપર કડક નજર રાખી શકે તેમ છે

કાબુલ : તાલિબાનોનું સામ્રાજ્યમાં સતત કઠોર અને કઠોર બનતું જાય છે. તાલિબાન પોલીસે ૯૦,૦૦૦ સીસીટીવી કેમેરા ગોઠવી દીધા છે. તે દ્વારા તાલિબાનો ૬૦ લાખ લોકોની નંબર પ્લેટ શરૂ કરી તેમના મોંના હાવભાવ પણ જાણી શકાય છે. તાલિબાનોના પ્રવક્તા ખાલીદ ઝદરાને બીબીસીને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે અમે અહીં બેઠા બેઠા કાબુલ અને તેની આસપાસના વિસ્તારો ઉપર નજર રાખી શકીએ છીએ. ઉપરાંત ઘણા લોકો પણ અમોને સાથ આપે છે, અને પાડોશમાં કોઈપણ ચીજ વસ્તુ કે માનવી શંકાસ્પદ જણાય તો તુર્ત જ પોલીસને જાણ કરે છે.સત્તાવાળાઓ કહે છે કે આ જાસૂસી નેટવર્ક ગુનાખોરી દબાવી શકશે. પરંતુ ટીકાકારો કહે છે કે તાલિબાન આ જાસૂસીતંત્રનો ઉપયોગ લોકો શરીયાતના કાયદા પ્રમાણે જીવે છે કે કેમ તે જોવા માટે કરવામાં આવશે. સાથે કઠોર નૈતિક કાનૂનો અમલી કરાવવામાં તે તાલિબાનોને ઉપયોગી થશે. આ દર્શાવે છે કે ઈ.સ. ૨૦-૨૨ વચ્ચે રચાયેલ આ કાનૂનોનો અમલ કરાવવામાં તાલિબાને અતિઆધુનિક પદ્ધતિ અપનાવેલ છે.આ સીસીટીવી કેમેરા દરેક વ્યક્તિને ઓળખાવી કાઢે છે. તેનાં સ્ક્રીનના એક ખૂણામાં વ્યક્તિની વય જાતી (સ્ત્રી કે પુરૂષ) તથા તેને તથા તેણે દાઢી રાખી છે કે નહીં કે હીજાબ પહેર્યો છે કે નહીં તે પણ દર્શાવશે. વ્યક્તિની વય પણ સાથે આશરે જાણી શકાશે.આ માહિતી આપતાં તાલિબાનોની પોલીસના પ્રવક્તા ખાલીદ ઝાદરાને કહ્યું હતું કે અમે લોકોને તે પણ જણાવી દીધું છે કે તમોને પાડોશમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ દેખાય કે કશું શંકાસ્પદ જણાય તો તુર્ત જ પોલીસને જાણ કરવી. જો તે શરીયા કાનૂનનો ભંગ કરતી હોય તો તેને શરીયાન કાનૂન પ્રમાણે સજા કરાશે.ટીકાકારો કહે છે કે આ કાનૂનની સૌથી માઠી અસર મહીલાઓને થવા સંભવ છે. તેમની હીજાબ અંગેની જરા જેટલી ભૂલ તેમને માટે આફતરૂપ બની શકે તેમ છે.

અફઘાનિસ્તાનમાં માનવ અધિકારોના પ્રવક્તાઓને તો અત્યારે છૂપાઈ જવું પડયું છે. અફઘાનિસ્તાનનાં સદગુણ પ્રસાર અને દુર્ગુણ નિરોધક મંત્રાલયે મોરાલિટી પોલીસ (નીતિમત્તા પોલીસ)ની રચના કરી છે. જે લોકો ઉપર સતત નજર રાખે છે. સીસીટીવી કેમેરા પણ કાબુલ અને તેની આસપાસના વિસ્તારો ઉપર કડક જાપ્તો રાખે છે. અહીં માનવ અધિકાર જેવું કશું જ રહ્યું નથી. તેમ નિરીક્ષકો કહે છે. ત્યાં ઘડીયાળના કાંટા ઊંધા ફરી રહ્યા છે.

# મહિલાના ગાલને સ્પર્શ કરવો એ પણ જાતીય સતામણી ગણાય : કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો




. મહિલાના ગાલ, શરીરને બળજબરી સ્પર્શ કરીને હેરાનગતિ કરનાર ૬૫ વર્ષીય વ્યક્તિને ગિરગાંવ મેજિસ્ટ્રેટ કોર્ટે એક વર્ષની સખત કેદની સજા અને એક હજારનો દંડ ફટકાર્યા હતા.સરકારી પક્ષના જણાવ્યા અનુસાર આરોપી તારદેવનો રહેવાસી છે. ૨૦ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ સંબંધીત મહિલા લિફ્ટમા પોતાના ઘરે નવમા માળે જતી હતી ત્યારે આરોપી લિફ્ટમાં આવ્યો અને તમે ક્યાં રહો છો એમ પૂછતાં મહિલાએ નવમા માળે એમ જવાબ આપ્યો હતો. બાદમાં આરોપીએ તેનો હાથ પકડીને તેના ગાલને સ્પર્શ કર્યો હતો. બાદમાં છઠ્ઠા માળે તે જતો રહ્યો હતો. મહિલાએ આરોપીના આવા કૃત્ય બદલ પોલીસ ફરિયાદ કરી હતી.

આરોપી અને પીડિતા એક જ ઈમારતમાં રહે છે. આરોપીએ તેને લિફ્ટમાં 'તુ મારા ઘરે આવ, નહીં તો હું તારા ઘરે આવીશ,' એવી ધમકી આપી હતી.આથી મહિલા ગભરાઈ હતી. આરોપીએ મહિલાના ગાલને સ્પર્શ કર્યો હોવાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. સીસીટીવી ફૂટેજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું.

આરોપીના વકિલે વાંધો ઉઠાવીને પેન ડ્રાઈવ રજૂ કરતી વખતે પોલીસે આઈટી એક્ટ હેઠળ પ્રમાણપત્ર રજૂ કર્યું નહોવાની દલીલ કરી હતી જે કોર્ટે ફગાવી દીધી હતી. પોલીસે કાયદા અનુસાર પ્રમાણપત્ર રજૂ કર્યું નહોય તો પણ ફરિયાદીએ પોતાના નિવેદનમાં આરોપીએ કરેલા સ્પર્શનો ઉલ્લેખ કર્યો છે. સીસીટીવી ફટેજના પુરાવા કરતાં ફરિયાદીએ આપેલા મૌખિક પુરાવો મહત્ત્વનો છે. ટેકનિકલ બાબતો કરતાં ફરિયાદીનું નિવેદન મહત્ત્વનું છે.

# ટ્રમ્પ પ્રેરિત વર્લ્ડ ટ્રેડ વોરથી રોકાણકારોની મૂડીનું પાંચ દિવસમાં રૂ ૨૧ લાખ કરોડનું ધોવાણ

મુંબઈ : ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા ફર્સ્ટના મિશન સાથે વિશ્વને મહા ટ્રેડ વોરમાં ધકેલી દઈ હવે ૧, માર્ચથી કેનેડા, મેક્સિકો પર ટેરિફ લાગુ કરવાનું અને સાથે ચાઈના પર વધારાની ૧૦ ટકા ટેરિફ લાગુ કરવાનું નક્કી કરી લેતાં અને એપ્રિલથી વિશ્વના ઘણા દેશો પર રેસિપ્રોકલ ટેરિફ ઝિંકવાનું મન બનાવી લેતાં ત્રીજા વિશ્વ યુદ્ધથી વિશેષ અને ૨૦૦૮ની નાણા કટોકટી કે પછી કોરોના કાળથી પણ વિશેષ અત્યારે આ મંદી ભારતીય શેર બજારોના અસંખ્યા રોકાણકારોની મૂડીને ભરખી જઈ હતાશામાં ધકેલી દીધા છે. આજે-શુક્રવાર ભારતીય શેર બજારોમાં રોકાણકારો માટે બ્લેક ફ્રાઈડે પૂરવાર થઈ અનેક શેરોમાં નવા ગાબડાં પડતાં રોકાણકારોની સંપતિમાં વધુ રૂ.૯.૦૯ લાખ કરોડનું ધોવાણ થવા સાથે છેલ્લા પાંચ જ દિવસમાં રૂ.૨૦.૮૪ લાખ કરોડથી વધુ ધોવાણ થઈ ગયું હતું. સંખ્યાબંધ શેરોના ભાવો સપ્ટેમ્બર-ઓકટોબરની ટોચથી ૬૦થી ૭૦ ટકા તૂટી જતાં અનેક રોકાણકારો પાયમાલ થયા છે. ભારતીય શેર બજારો સાથે એશીયાના અન્ય બજારોમાં જાપાન, હોંગકોંગ, શાંઘાઈના બજારો પણ તૂટતાં પેનીક સેલિંગ વધતું જોવાયું હતું.ઓટોમોબાઈલ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં મોટા ગાબડાં પડવા સાથે ઓઈલ-ગેસ, બેંકિંગ શેરોમાં વેચવાલી થઈ હતી. સેન્સેક્સ ૧૪૧૪.૩૩ પોઈન્ટ તૂટીને ૭૩૧૯૮.૧૦ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૪૨૦.૩૫ પોઈન્ટના કડાકે ૨૨૧૨૪.૭૦ બંધ રહ્યા હતા. નિફટીમાં કોવિડ-૧૯ બાદનો સૌથી ખરાબ ફેબ્રુઆરી મહિનો નીવડી મહિનામાં ૬ ટકાથી વધુ ગાબડું પડી ગયું છે. નિફટીમાં એક દિવસમાં ૩,ઓકટોબર ૨૦૨૪ બાદનો આજે સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. જ્યારે સેન્સેક્સમાં ૪૦૦૦ પોઈન્ટથી વધુ ગાબડા સાથે એક મહિનામાં રોકાણકારોની સંપતિમાં રૂ.૪૦ લાખ કરોડથી વધુ ધોવાણ થયું છે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની શેરોમાં એકધારી વેચવાલી સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી બજારના પતનને અટકાવવા હવે અસમર્થ બનવા લાગી છે. ટ્રમ્પના દબાણ સામે ચાઈના અને યુરોપના દેશો વળતાં પગલાં લેવાની તૈયારી કરી રહ્યા હોઈ અમેરિકા વિરૂધ્ધ વિશ્વનું આ ટ્રેડ યુદ્ધ આગળ જતાં કેવા વળાંક લેશે એની અનિશ્ચિતતાને લઈ આજે ફંડો, ઈન્વેસ્ટરોએ મોટી વેચવાલી કરી હતી.

# અમરેલીના ચક્રાવા શાળાના શિક્ષિકા શ્રી જીજ્ઞાબહેન કૃષ્ણકાંતભાઈ ઠકરાર ને મળ્યો વધુ એક એવોર્ડ- આદર્શ શિક્ષક એવોર્ડ

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાની શ્રી ચક્રાવા પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્રી જીજ્ઞાબહેન કૃષ્ણકાંતભાઈ ઠકરારના સન્માન મુકુટ માં વધુ એક સન્માન પીછ નો ઉમેરો થયો છે.તાજેતરમાં જ અમદાવાદના પારિજાત ગૃપ તરફથી ગુજરાતના છેવાડાના ખૂણાઓની શાળાઓમાં ઉત્તમ કામગીરી કરનાર શિક્ષકોને શોધીને તેમનું આદર્શ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું. સમગ્ર ગુજરાતમાંથી આવા વિશિષ્ટ કામગીરી કરનારા ૫૧ શિક્ષકોને આ સન્માન અમદાવાદ મુકામે તારીખ ૨૩/ ૨/૨૦૨૫ના રોજ આપવામાં આવ્યું. જેમાં જીજ્ઞાબહેન ઠકરારની પસંદગી




કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી જીજ્ઞાબહેનને આદર્શ શિક્ષક એવોર્ડ પહેલા પણ મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ,મહિલા ગૌરવ એવોર્ડ, નારી રત્ન એવોર્ડ, નારી તું નારાયણી એવોર્ડ, ભારત માતા અભિનંદન એવોર્ડ, પૂજ્ય મોટા એવોર્ડ, ગુજરાત સરકાર તરફથી જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તેમજ રાજ્યપાલ પારિતોષિક સહિત ૨૦ જેટલા એવોર્ડ-સન્માન મળી ચૂક્યા છે. તેઓ ૨૮ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે ભેખ ધારણ કરીને અવિરત ઉત્તમ સેવાઓ આપી રહ્યા છે તેઓ રાજ્ય કક્ષાથી માંડીને તાલુકા અને ક્લસ્ટર કક્ષા સુધી માસ્ટર ટ્રેનર તરીકે ઉમદા અને રસપ્રદ ટ્રેનિંગ આપે છે.પાઠ્યપુસ્તક મંડળ સાથે મળીને ગુજરાત સરકારની શાળાઓમાં ચાલતા અંગ્રેજી પાઠ્યપુસ્તક માટે લેખન કાર્ય કરેલ છે. ઉપરાંત મોડ્યુલ લેખન, શિક્ષણ વિષયક આર્ટીકલ લેખન, વગેરે પણ કરતા રહે છે. તેમણે અંગ્રેજી શિક્ષણ અને મૂલ્યલક્ષી શિક્ષણ માટે નવતર પ્રયોગો પણ હાથ ધરેલા છે. તેમના નવતર પ્રયોગો અન્ય શાળાઓમાં પણ અપનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત તેઓ અંગ્રેજી વિષયના જીઇ્-સ્ટેટ રિસોર્સ ગ્રુપમાં પણ કાર્યરત રહીને ગાંધીનગર જીસીઈઆરટી માં પણ કાર્યરત છે. તેમણે ગાંધીનગર બાયસેગ સ્ટુડિયો મારફત ગુજરાત ભરના બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય પણ કરેલ છે.

તેઓ મોકો મળે ત્યારે સમાજસેવાનું કે મહિલા ઉત્થાનનું કાર્ય કરવાનું પણ ચૂકતા નથી. તેમના મહિલા ઉત્કર્ષના કાર્યક્રમોનું પ્રસારણ આકાશવાણી રાજકોટ પરથી પણ થાય છે. તેઓ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનની ટીમ સાથે મળીને અંધશ્રદ્ધા નિવારણ માટે સંયુક્ત કુટુંબ ના લાભ વગેરે જેવા સામાજિક સંદેશા માટેના શેરી નાટકો માં મુખ્ય ભૂમિકા ભજવતા રહે છે તેઓ પોતાની અભિનય ક્ષમતાથી પણ સમાજસેવા કરતા રહે છે.તેઓ બાળકોમાં શિક્ષણ સાથે તેમનામાં ઉત્તમ માનવીય મૂલ્યોનું ઘડતર પણ કરતા રહે છે.તેમનું મૂલ્યલક્ષી શિક્ષણ કાર્ય નિરંતર ચાલુ હોય છે.તેમના આ કાર્યની સુવાસ ને લીધે મહીસાગર જિલ્લામાં તે સમયના ઙ્ઈ અને હાલના નાયબ નિયામક એવા શ્રી ડો.અવની બા મોરીએ મૂલ્યલક્ષી શિક્ષણ માટેના પુસ્તક માટે જીજ્ઞાબહેનની પસંદગી કરેલી. જીજ્ઞાબેન આ પુસ્તકના લેખનકાર્યથી સમીક્ષા કાર્ય સુધી તેમાં પણ જોડાયેલ હતા.

તેઓ હંમેશા કહે છે કે મને જોઈને મારા વિદ્યાર્થીઓ ખુશ થાય છે અને લાગણીથી મારી તરફ દોડે છે એ મારો સૌથી મોટો એવોર્ડ છે. જીજ્ઞાબેન જે પણ શાળામાં કાર્ય કરતા હોય છે ત્યાં એટલો બધો પ્રેમ અને લાગણી વહાવે છે કે બાળકો તેમની સાથે ખૂબ આત્મીય થઈ જાય છે. દૂરથી તેમને આવતા જોઈને પણ ખૂબ રાજીના રેડ થઈ જાય છે.

# દ્વારકા ખાતે મહિલા શિબિર યોજાઈ

ધનવંત વાયડા - ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ ગાંધીનગર હસ્તકની યોજનાઓના પ્રચાર પ્રસાર કરવાના હેતુ સાથે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ દ્વારકા ખાતે મહિલા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી ડો.સી.ડી.ભાંભી દ્વારા મહિલાઓના સશકિતકરણ



માટેની સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા મહિલા આર્થિક વિકાસ નિગમની મહિલા સ્વાવલંબન યોજના તેમજ મહિલાલક્ષી કાયદાઓની માહિતી આપવામાં આવી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકનાં નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશનમાંથી ઈન્ચાર્જ તાલુકા લાઈવલીહુડ મેનેજર શિવાંગીબેન ગોસાઈ દ્વારા મહિલાઓને સખીમંડળથી થતા લાભો અને મંડળ અંતર્ગત મળતી વિવિધ લોન સહાયની માહિતી આપવામાં આવેલ તેમજ વિવિધ ગૃહ ઉદ્યોગ સાથે જોડાયેલા સખીમંડળના બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. દ્વારકા આઈ.ટી.આઈમાંથી ઉપસ્થિત એસ.આઇ ભારતીબેન સોજિત્રા અને પુષ્પાબેન પિંડારીયા દ્વારા કિશોરીઓને આઈ.ટી.આઈમાં ચાલતા મહિલાઓ માટેના વિવિધ ટ્રેડની અને અભ્યાસક્રમની માહિતી આપવામાં આવી હતી.

# ચંદા કોચરનો ફરી ઉભા થવાનો પ્રયાસ પોડકોસ્ટપર જીવન સંઘર્ષ સમજાવશે



અમદાવાદ : ચંદા કોચર એક નવી ભૂમિકામાં આવી રહ્યા છે. તેમણે 'જર્ની અનસ્ક્રિપ્ટેડ' પોડકાસ્ટ લોન્ચ કર્યો છે. જેમાં તે જીવન સંઘર્ષને સમજાવવા પ્રયાસ કરશે.ચંદા કોચર બહુ જાણીતું નામ છે. બેંકીગ ક્ષેત્રે ટોચ પરથી નીચે ખાઈમાં ગબડેલા નામોમાં તે મોખરે છે. પોતે જે બેંકના ચેરમેન હતા તેં બેંકનેજ ૨૦૦ કરોડનો ચૂનો ચોપડનાર ચંદા કોચરનો કેસ કોર્ટમાં છે. તેમના પર કોઈ સખત પગલાં નહી ભરવા કોર્ટે આદેશ કર્યો છે.લોન છેતરપિંડીના આરોપો બાદ બદનામ થયેલા બેંકના ભૂતપૂર્વ વડા ચંદા કોચર હવે એક નવી ભૂમિકામાં આવી રહ્યા છે. તેમણે આ મહિનાની શરૂઆતમાં તેની યુટયુબ પોડકાસ્ટ શ્રેણી 'જર્ની અનસ્ક્રીપ્ટેડ વિથ ચંદા કોચર' લોન્ચ કરી છે.કોચરે જણાવ્યું હતું, કે તેમનું માનવું છે કે લોકોનો સંઘર્ષ પરથી 'શીખવું -સમજવું એક સૌથી મોટો સ્ત્રોત' છે. ચંદા કોચર કહે છે કે લોકો પરિસ્થિતિઓનો સામનો કેવી રીતે કરે છે તે સમજવું એ શીખવાનો એક મહાન સ્ત્રોત બની શકે છે

# ઉત્તરાખંડ હિમસ્ખલનઃ ચાર શ્રમિકોના મોત, પાંચ હજુ ગુમ, ૪૬નું રેસ્ક્યૂ કરાયું



ઉત્તરાખંડના ચમોલીના માના ગામ નજીક હિમસ્ખલનના કારણે રસ્તાના બાંધકામમાં રોકાયેલા ૫૫ મજૂરો તેમાં ફસાયા હતા. અત્યાર સુધીમાં બરફ નીચે દટાયેલા ૪૬ શ્રમિકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમાંથી ૪ મૃત્યુ પામ્યા છે. ફસાયેલા ૫ કામદારોની શોધખોળ હજુ પણ ચાલુ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, શનિવારે સવારે ૧૪ અન્ય લોકોને પણ બચાવી લેવામાં આવ્યા હતા, જેમાંથી એકની હાલત ગંભીર છે. આ વિસ્તારમાં રાહત અને બચાવ કાર્ય ચાલુ છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે, 'સ્થળ પર ૮ કન્ટેનર હતા, જેમાંથી ૫ શોધી કાઢવામાં આવ્યા છે. આજે સવારે બચાવેલા ૧૪ લોકો પણ એક કન્ટેનરમાં હતા. બાકીના ત્રણ કન્ટેનર શોધવા માટે કામગીરી ચાલુ છે.'હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. ચમોલી જિલ્લામાં હિમપ્રપાતનો ભય હજુ પણ યથાવત છે, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે.

# અરવલ્લીમાં મામાએ ૧૩ વર્ષની ભાણીને બનાવી હવસનો શિકાર

અરવલ્લીના ભિલોડા તાલુકાની સીમ વિસ્તારના ઝાડી ઝાંખરામાં એક સગીરા ઉપર દુષ્કર્મ આચરાયું હતું. સગીરા પોતાના સગા મામા સાથે મામાના ઘરે જઈ રહેલી સગીરાને સગા મામાએ જ ઝાડી ઝાંખરામાં વેચ્ચે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કર્યવાહી હાથ ધરી છે.

રાજ્યમાં મહિલાઓ ઉપર અત્યાચારના ગુનાઓ, યુવતીઓના અપહરણો અને સગીરાઓ પર દુષ્કર્મના ગુનાઓ ચિંતાજનક રીતે વધ્યા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના એક ગામમાં બહેનના ઘરે આવેલા ભાઈ પોતાના ઘરે જતાં જતાં સગીર ભાણીને સાથે મામાના ઘરે લઈ જઈ રહ્યા હતા. મામાના ઘરે જવા ઉત્સાહ સાથે તૈયાર થયેલી આ ભાણીને મામા નીકળ્યા હતા. પરંતુ ભિલોડા તાલુકાના સીમમાંથી પસાર થતી વેળાએ આ આશરે ૫૦ વર્ષીય મામા પોતાની સગી ભાણીને બળજબરીપૂર્વક ઝાડી-ઝાંખરામાં લઈ ગયો હતો અને ૧૪ વર્ષીય સગીર ભાણી ઉપર મામાએ દુષ્કર્મ આચર્યું હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGG SS 351**

વિષય: અંતરનાદ
શીર્ષક: નયન કહી દે
પ્રકાર: પદ્ય શબ્દ: ૪૯

અંતરમાં તું છો, તે નયન કહી દે.
જે બોલી ના શકે, એ નયન કહી દે.

શબ્દ ઓછા પડે, તે નયન કહી દે,
અંતરનાદના વસંતને, નયન કહી દે.

સમી સાંજે ધબકતું વિરહ, તે નયન કહી દે.
મૌનમાં છે તું, તે નયન કહી દે,
વેદનાથી ભીના હૃદયના અંતરનાદ કહી દે.
જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGG SS 384**

વિષય: અંતરનાદ
શીર્ષક: ★અનંત છે અંતરમન★
પ્રકાર: પદ્ય શબ્દ: ૧૧૨
આતમ સાથે અંતરથી વાત કરવી છે,
સપનામાં રસ્તા ખુલ્લા કરવાની .
સુનકારના સહચર ની શોધ કરવી છે ,
અંધકારમાં પ્રકાશ પાડવાની.
ચેતન મન અચેતન ને જગાડવાની ટકોર કરવી છે,
જાગ ને ! હવે ક્યાં સુધી નિદ્રા ઉડવાની.
હ્ર્દયના માર્ગ ને મોકળા બનવવા મથામણ કરુંછું,
પણ ! મન અંતર દૂર થતું જવાની.
ઈચ્છાઓની અપેક્ષાઓનો સરવાળો વધે છે,
સમજતું નથી ચિતડું મારુ બાદબાકી કરવાની.
ચિત્ત ને ખીલીથી ટીંગાડીને રાખું છું,
છતાં કિટ્ટા પાડી અબોલા રાખવાની.
લોકોના સંતાપોનો થોક લઈ ફરું છું,
ખુદની ચિંતા કરું સમજવાની.
અંતર્નાદ રણકાર ઊંડો સંભળાય છે,
ધ્રુજારી થી જીવ રૂંધવાની.
બસ ! એકજ અપેક્ષા પરમતત્વને તનમાંથી કાઢી લેવું છે,
એકજ આશ છે અમરત્વને અંતરમન સાથે જોડવાની .
★-ડો સતીષ એસ.પટેલ "પ્રકૃતિ રક્ષક " અમદાવાદ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**

વિષય:- અંતરનાદ
શીર્ષક:- અંદરનો અવાજ
પ્રકાર:- પદ્ય. શબ્દો:- ૭૩

સાંભળ તુ તારી અંદરનો અવાજ,
નહીં ડર કોઈ વાતમાં તુ.
રાખ વિશ્વાસ પોતાની મહેનત પર!
કરી મહેનત તેં આખુંય વર્ષ,
હવે તો છે માત્ર એને યાદ કરવાનો સમય!
હોય પરિણામ ૯૦%, કે હોય ૪૦%,
અંતે તો જીતેં છે આત્મવિશ્વાસ જ તારો!
હશે જો આવડત તારામાં કોઈ ને કોઈ,
કારકિર્દી તારી ચોક્ક?સ જ બનશે!
ભરીશ નહીં કોઈ ખોટું પગલું પરિણામ બાદ,
બદલી શકાશે પરિણામ ગમે ત્યારે,
જીવન છે મહામૂલું, લાવીશ નહીં અકાળે અંત એનો!

સ્નેહલ જાની, સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SSN -338***

★વિષય : અંતર્નાદ★
★શીર્ષક - - કવિકર્મ★
★પ્રકાર : પદ્ય -શબ્દો - ૯૨ ★

★શીર્ષક :- કવિનો અંતર્નાદ★

કવિ છે સૌથી મોટો અનુભવી
અજર અમર છે જેવો રવિ

ઉઠે જ્યારે જ્યારે અંતર્નાદ ,
જાણે પ્રભુનો સાંભળે સાદ.

કાગળ કલમનો લઈને સાથ,
ને વેગે દોડવા લાગે છે હાથ.

કવિ ક્યાં છે કોઈનું પ્યાદું ?
એને જડી ગયો છે કોઈ જાદુ.

એ છે એના દિલનો અંતર્નાદ
એના હૈયાનો છે એ સાદ.

ક્યાં ગમે કોઈ વાદ કે વિવાદ ?
એ સાંભળતો રહે છે અંતર્નાદ .

કવિનો શબ્દ હોયે સળગતો શબ્દ .
સૌના હૈયે એ વળગતો શબ્દ .

વિશ્વ મહીં ફેલાતો શબ્દ .
જરૂર પડ્યે ચિલ્લાતો શબ્દ .

ફૂલ બનીને ખીલતો શબ્દ.
મૌનના પડધા ઝીલતો શબ્દ.

સાગર બની ગરજતો શબ્દ . કંઈક નવું સરજતો શબ્દ
.

અંતર્નાદ નિજનો હોયે શબ્દ.
ને સાદ પાડે ઈશ્વરને શબ્દ .

★નિહારિકા અંજારિયા "નેહા★ . "
★આદિપુર કચ્છ★.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**

વિષય: અંતરનાદ
શીર્ષક: સુણી લે અંતરનાદ.
પ્રકાર: અછાંદસ શબ્દ : ૭૭

સપના સોનેરી દીઠા,? દીધી રૂપેરી પાંખ,
ઉડ..રે..મનડા, તારે અમી રૂપી આંખ!.
ધીરે ડગલાં માંડ, માપી લે જગ આભ,
ધીમે સંભળાય રહ્યો જીવ ને એક સાદ!

આજ એકલી અનુભવું અદ્ભુત અવાજ,
ફૂટી મનની વાચા, સુણ્યો જાણે અંતરનાદ!
ઉઠ..રે..મનડા, માણવા મળ્યો આ જન્મારો,
આવ્યો વારો જીવલડા તારો ને મારો કરે સાદ!

કોડ હજારો હૈયે હરખાય, દે સુર ને તાલ,
નાચ..રે..મનડા, સંસારરૂપી સંગીતના નાદ!
ન થાકે આયખું કદી, ન રહે કોઈ ફરિયાદ,
જીવી જાણો રે જીવ, સુણી લે અંતરનાદ!

નામ: સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.

# વરસાદના પાણીનો જમીનમાં સંગ્રહ થવાથી આપણને જયારે જરૂર પડે ત્યારે ઓછી કિંમતે પાણીને પાછુ મેળવી શકીએ છીએ. : પાટીલ



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વરસાદી પાણીને ભુગર્ભમાં ઉતારવાના ભાગરૂપે ભાવનગરના નારી ગામ ના દાતાશ્રીઓના સહયોગથી વરસાદી પાણીના સંગ્રહ માટેના બોર અભિયાનના ભાગરૂપે પ્રથમ બોરનું ખાતમૂહુર્ત ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશકિતમંત્રીશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશકિતમંત્રીશ્રી સી.આર.પાટીલજીએ વરસાદી પાણી જમીનમાં ઉતરાવવાથી શું ફાયદા થાય તે અંગે વિસ્તૃતમાં માહિતી આપતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ષ ૨૦૪૭માં વિકસીત ભારતની જે નેમ આપણને આપી છે તેને સાર્થક કરવા આપણે સૌએ સાથે મળીને પ્રયાસ કરવાનો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પહેલા કોઇએ ભારત દેશ વિકસીત હોવો જોઇએ તેની કલ્પના નથી કરી પરંતુ વડાપ્રધાનશ્રી મોદી સાહેબ ભારતને વિકસીત બનાવવા દરેક પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અભિયાન અને ઘરે ધરે શૌચાલય બનાવવા સંકલ્પ કર્યો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દરેક યોજના પાછળ દેશના ઉત્થાન માટે કોઇને કોઇ હેતુ ચોક્કસ હોય છે .વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૦૧૯માં નળ સે જળ યોજના જાહેર કરી ત્યાર સુધીમાં કુલ મળીને ૧૫ કરોડ લોકોના ઘરે નળથી જળ પહોંચે તેની વ્યવસ્થા કરી છે. હજી ચાર કરોડ લોકોને નળ સે જળ આપવા બજેટમાં ૬૭ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. નળ થી પાણી મળી રહેવાથી મહિલાઓને ઘણી મુશ્કેલીમાંથી રાહત આપી શક્યા છે. શ્રી સી.આર.પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, વરસાદી પાણીને જમીનમાં રોકવા વધુમાં વધુ લોકોને જાગૃત થવાની જરૂર છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કેચ ધ રેઈન યોજના જાહેર કરી અને કર્મ ભૂમિ થી માતૃભૂમિ મા સૌ કોઇએ યોગદાન આપવું જોઇએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણને સૌને જન ભાગીદારીથી જળ સંચય થવાનું સુત્ર આપ્યું છે,જળ સંચયનુ કામ જનભાગીદારીમાં પરિવર્તિત થવું જોઇએ. વરસાદી પાણીનો જમીનમાં સંગ્રહ થવાથી આપણને જયારે જરૂર પડે ત્યારે ઓછી કીમતે પાછુ મેળવી શકીએ છીએ. આજે દેશના જુદા જુદા રાજ્યોમાં બોર બનાવવાના સ્ટ્રકચરનું કામ પુર જોષમાં ચાલી રહ્યુ છે.સુરતમાં રહેતા મધ્યપ્રદેશ,રાજસ્થાન અને બિહારના વેપારીઓએ તેમના ગામમાં વરસાદી પાણીના સંગ્રહ માટે એક લાખ બોર બનાવવું બીડુ ઝડપ્યું છે. ભાવનગર જીલ્લામાં જનતા કેવી રીતે વરસાદી પાણીનો સંગ્રહ થાય તે માટે બોર કેવી રીતે બનાવવા અને કેવી રીતે સમગ્ર જીલ્લાને પાણીદાર બનાવી શકાય તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# પાળિયાદ જૈન સંઘમાં ૯ સંતો અને ૪૧ મહાસતીજીઓનું આગમન: દીક્ષાર્થીની ડ્રાયફ્રુટ તુલા વિધિ



શ્રી સ્થાનકવાસી જૈન સંઘ - પાળિયાદના આંગણે ૨૫ વર્ષે પૂર્વે આચાર્ય પૂ. નવીનચંદ્રજી મ. સા. ના સાંનિધ્યે યુવાપ્રેરક પૂ. જયેશચંદ્રજી મ.સા. ના ઉજવાયેલ દીક્ષા ઉત્સવ બાદ માતા જવનીકાબેન અને દીપકભાઈ ચંપકભાઈ માલવણીયા ના સુપુત્ર દર્શનકુમાર ૧૯ વર્ષની વયે તા. ૨ને રવિવારે જૈનધર્મની દીક્ષા ગચ્છાધિપતિ પૂ. શૈલેષચંદ્રજી મ. સા. ના મુખે અંગીકાર કરશે.

આ દીક્ષા મહોત્સવની વિગત આપતાં જે. એસ. એમ. પરિવારના યુવાનોએ જણાવેલ કે - દીક્ષાર્થી દર્શનકુમારની ડ્રાયફ્રુટ તુલા વિધિ અને ભાઈ-બહેનની રક્ષાબંધન કાર્યક્રમમાં પૂ.જયેશચંદ્રજી મ. સા. ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવ તથા સંઘાણી ના ગાદીપતિ પૂ. પંથકમુનિ મ. સા., ગોપાલના પૂ. દીપમુનિ મ. સા. કુલ ઠાણા – ૯ સંતો તથા બોટાદ ના પૂ. સવિતાબાઈ મ.સ., આદિ, ગોંડલના ગુણીબાઈ મ. સ. આદિ, અજરામરના પૂ. આરાધનાજી મ. સ., ખંભાતના પૂ. નમ્રતાજી મ.સ. તપાગચ્છના શાસનધ્રુમા મહાસતીજી સહિત ૪૧ ઠાણાનું સ્વાગત કરેલ.


પૂ. ધીરગુરુદેવે વિશાળ ધર્મસભાને સંબોધતા જણાવેલ કે – અન્નના અનાદરથી બચવા જમતી વખતે મૌન રાખવું સ્વાસ્થ્ય માટે લાભકારી છે. અનેક ભાવિકોએ પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ. બપોરે દીક્ષાર્થીના ઉપકરણની સ્વસ્તિક વિધિ અને રાત્રે જિનશાસન કસુંબીનો રંગ – લોકડાયરો અભેસીંગ રાઠોડે રજૂ કરેલ. આજે તા. ૦૧/૦૩/૨૫ ને શનિવારે સવારે ૮:૩૦ કલાકે વરસીદાન શોભા યાત્રા, દાતા સન્માન અને સંયમ વંદના કાર્યક્રમ તેમજ બપોરે ૨:૩૦ કલાકે દીક્ષાર્થીની કોળિયાવિધિ અને રાત્રે ૮:૦૦ કલાકે આખરી અલવિદા કાર્યક્રમ યોજાશે.

જોગાનુજોગ પૂ. જયેશચંદ્રજી મ. સા. ની સંયમ રજત જયંતિ શનિવારના હોવાથી સોનામાં સુંગધ ભળી છે.

પાળિયાદની ભૂમિમાંથી પૂ. જેચંદ્રજી મ.સા., આચાર્ય પૂ. નવીનચંદ્રજી મ.સા., પૂ. જયેશચંદ્રજી મા., પૂ. ગુણવંતીજી મ. સ., પૂ. વસુમતીજી, પૂ. રંજનજી મ.સ., પૂ. સુશીલાજી મ. સ., પૂ. રક્ષાજી મ.સ., પૂ. રોશનીજી મ.સ., પૂ. ચાંદનીજી મ. સ., પૂ. સુપદ્માજી મ. સ. એ સંયમ અંગીકાર કરેલ છે.તા. ૨ને રવિવારે સવારે ૮:૧૫ કલાકે, દીક્ષા શોભાયાત્રા અને ૯:૧૫ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થશે. ભાવિકોને દીક્ષા પ્રસંગે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

અહેવાલ કનુભાઈ ખાચર

# દેવોને દુર્લભ સંયમ પામનાર દીક્ષાર્થી દર્શનકુમાર ના હસ્તે વરસીદાનથી ભાવિકો ધન્ય બન્યા



બોટાદ સંપ્રદાયના શ્રી સ્થાનકવાસી જૈન સંઘ – પાળિયાદના આંગણે મુમુક્ષુ દર્શનકુમાર માલવણીયાના દીક્ષા મહોત્સવની અનેરો રંગ – ઉમંગ જામ્યો છે.

યુવાપ્રણેતા પૂ. જયેશમુનિ મ. સા. ની દીક્ષા રજત જયંતિ પ્રસંગે ગચ્છાધિપતિ પૂ. શૈલેષચંદ્રજી મ. સા. સહિત સહુએ શુભેચ્છા પાઠવ્યા બાદ ગલી ગલીમાં કૂતરાને રોટલા માટે આંઠ લાખનું દાન દાતાઓએ જાહેર કરતાં અન્નદાન મહાદાનથી કડવીબાઈ શામજી વિરાણી ઉપાશ્રય ગુંજી ઉઠયો હતો. મુખ્ય લાભ અમિશા અનુર્વ કામદાર અને જ્યોતિબેન બટુકભાઈ શાહ એ લીધેલ. દાતાઓનું સન્માન પાળિયાદ સંઘ કમિટીના હસ્તે કરવામાં આવેલ.

પૂ. ગુણીબાઈ મ. સ., પૂ. વસુબાઈ મ. સ. ની ૫૯મી દીક્ષા જયંતિ ઉજવાયેલ.આજે તા. ૨ને રવિવારે સવારે ૮:૧૫ કલાકે મહાભિનિષ્ક્રમણ વરઘોડો દીક્ષાર્થીના નિવાસેથી મુખ્ય માર્ગે થઈ ફૂલવાડીમાં પૂર્ણ થયા બાદ ૯:૧૫ કલાકે માણેક – નૂતન સમોસરણમાં દીક્ષામંત્રનો પ્રારંભ થશે. દીક્ષાર્થીના પાંચ આભૂષણનો ચડાવો અને નામકરણ વિધિ કરાશે. વડી દીક્ષા બોટાદ ગાદીના ગામે ઉજવાશે.

બોટાદ સંપ્રદાયમાં ૩ સંતો અને ૪૮ મહાસતીજીઓ વિદ્યમાન છે.પૂ. જયેશચંદ્રજી મ.સા. નું આગામી ચાતુર્માસ સુરત (પાલ), ત્યારબાદ વડોદરા અને ૨૦૨૭માં ભવાનીપુર – કોલકત્તા નક્કી કરવામાં આવેલ છે.પૂ. શ્રી ધીરગુરુદેવ ધર્મસભામાં જણાવેલ કે - દેહથી સંસાર છૂટે તે ત્યાગ અને દિલથી સંસાર છૂટે તે વૈરાગ્ય છે.વધુમાં કહેલ કે – સારા દેખાવા સંપત્તિની જરૂર છે, સારા બનવા માટે સંયમની જરૂર છે. નાયક બનવાની ઈચ્છા હોય તો લાયક બનો.પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૭ના સાવરકુંડલા લલ્લુભાઈ આરોગ્ય મંદિરમાં અને તા. ૮ના ઉપાશ્રય પધારશે. તા. ૯ના રવિવારે સવારે ૯:૩૦ કલાકે ગોપાલગ્રામમાં વિમલ વૈયાવચ્ચ ભવનના ઉદઘાટન પ્રસંગે નિશ્રાપ્રદાન કરશે.

અહેવાલ કનુભાઈ ખાચર

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી



ભુજ, શનિવારઃ

ભારતનાં માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ કચ્છ જિલ્લાની મુલાકાત દરમિયાન આજે ખડીર બેટ સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટની મુલાકાત લઈને પ્રાચીન માનવ સભ્યતાના તબક્કાવાર વિકાસ તેમજ શ્રેષ્ઠ નગર આયોજન વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી. રાષ્ટ્રપતિશ્રીને ભારતીય પુરાતત્વ વિભાગના ડાયરેક્ટર જનરલશ્રી યદુબીરસિંઘ રાવતે વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા વિશે વિસ્તૃત જાણકારી આપીને પ્રાચીન માનવ સભ્યતા વિશે અવગત કર્યા હતા. રાષ્ટ્રપતિશ્રીએ મુલાકાત દરમિયાન હડપ્પન સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદ્ભુત વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી. આ તકે પ્રાચીન મણકા બનાવવાની ફેક્ટરી, સુઆયોજિત પગથિયાંવાળી વાવ, અપર ટાઉન, મિડલ ટાઉન અને લોઅર ટાઉન વગેરે જોઈને તેઓ અભિભૂત થયા હતા.ભારતીય પુરાતત્વ મંત્રાલય દ્વારા ધોળાવીરા સાઈટના ઉત્ખનન દરમિયાન મળેલા વિવિધ પાસાઓ, માટીના વાસણો-અવશેષો, તાંબાની વિવિધ વસ્તુઓ, તોલમાપની વસ્તુઓ, પથ્થરના આભૂષણોનું નિદર્શન રાષ્ટ્રપતિશ્રી સમક્ષ કરવામાં આવ્યું હતું. મુલાકાતના અંતમાં રાષ્ટ્રપતિશ્રીએ ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઈટના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ તકે ઉપસ્થિત રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા કચ્છના પ્રભારી મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા, કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરા, પૂર્વ કચ્છ એસ.પી. શ્રી સાગર બાગમાર અને ભારતીય પુરાતત્વ વિભાગના રાજકોટ સર્કલના અધિક્ષકશ્રી ગુંજન શ્રીવાસ્તવ સાથે જોડાયા હતા.

# ANVESH 2025: નિરમા યુનિવર્સિટી ખાતે મેનેજમેન્ટમાં ૨૦મી ડોક્ટરલ કોન્ફરન્સ યોજાય

નિરમા યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટે ૨૮ ફેબ્રુઆરીથી ૧ માર્ચ ૨૦૨૫ દરમિયાન યોજાયેલી મેનેજમેન્ટમાં તેની આદરણીય ડોક્ટરલ કોન્ફરન્સની ૨૦મી આવૃત્તિ, છદ્ગફઈજીૐ ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું. આ વાર્ષિક કોન્ફરન્સ ડોક્ટરલ વિદ્વાનો માટે પેપર પ્રેઝન્ટેશન, શૈક્ષણિક ચર્ચાઓ, સંશોધન ક્લિનિક્સ અને વર્કશોપ અને જ્ઞાનની આપ-લે કરવા માટે વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

ઉદઘાટન સત્રમાં મુખ્ય મહેમાન ડૉ. રંજન બેનર્જી, નયંતા એજ્યુકેશન ફાઉન્ડેશન, પુણેના ઝઈ અને પ્રોફેસર; નિરમા યુનિવર્સિટીના ડોક્ટરલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ફેકલ્ટીના ડીન ડૉ. પી. એન. ટેકવાણી; અને નિરમા યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના ડિરેક્ટર ડૉ. દેબાસીસ મલ્લિક. કોન્ફરન્સના અધ્યક્ષ ડૉ. સમિક




શોમ અને ડૉ. અઝહરુદ્દીન શેખે પણ શ્રોતાઓને સંબોધિત કર્યા હતા.

મુખ્ય હાઈલાઈટ્સઃ

● ડૉ. દેબાસીસ મલ્લિકે મેનેજમેન્ટ રિસર્ચને આગળ વધારવામાં માર્ગદર્શકતા અને નવીનતાની ભૂમિકા પર ભાર મૂક્યો હતો - બંને વિક્ષેપકારક અને વૃદ્ધિકારક વિષે ચર્ચા કરી.

● ડૉ. સમિક શોમે સંશોધન ક્ષમતાઓને વધારવામાં કોન્ફરન્સના વારસા પર પ્રકાશ પાડ્યો.

● ડૉ. પી. એન. ટેકવાણીએ જ્ઞાનના પ્રસાર, નેટર્વકિંગ અને ભાવિ સંશોધનની તકોમાં ડોક્ટરલ પરિષદોના મહત્વ વિશે ચર્ચા કરી. તેમણે છૈં, બાયોટેક્નોલોજી, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને સાયબર સિક્યુરિટી જેવી ઉભરતી ટેક્નોલોજીની સંસ્થાઓ અને મેનેજમેન્ટ પરની અસરને પણ સંબોધી હતી.

● ડૉ. રંજન બેનર્જીએ તેમની સંશોધન યાત્રામાંથી આંતરદૃષ્ટિ શેર કરી, જેમાં જિજ્ઞાસા, પાયાની સમજણ અને સતત શીખવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે સ્કોલર્સને નિર્ભયપણે મૂળભૂત પ્રશ્નો પૂછવા અને ખુલ્લા મનથી સંશોધનનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કર્યા. રૂપકનો ઉપયોગ કરીને, તેમણે શીખવાની પ્રક્રિયાને '~' ચિહ્ન દર્શાવતા ડ્રાઈવર સાથે સરખાવી, જે દર્શાવે છે કે સંશોધકોએ હંમેશા શીખનારની માનસિકતાને સ્વીકારવી જોઈએ. તેમણે વર્તમાન સાહિત્યને અનુસરવાને બદલે વાસ્તવિક રસના આધારે સંશોધન સમસ્યાઓ પસંદ કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો, નોંધ્યું કે સારી રીતે સંશોધન કરેલ સામગ્રી કુદરતી રીતે તેના વિતરણને વધારે છે.

છદ્ગફઈજીૐ ૨૦૨૫ એ સમગ્ર ભારત અને ચાર દેશો - ેજી,ેદ્ભ, નોર્વે અને બાંગ્લાદેશ - આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપતા વિદ્વાનોને આકર્ષ્યા. કોન્ફરન્સે આંતરદૃષ્ટિપૂર્ણ ચર્ચાઓ માટે સ્ટેજ સેટ કર્યું, મેનેજમેન્ટ અભ્યાસમાં અસરકારક સંશોધન માટે માર્ગ મોકળો કર્યો.

# દેવોને દુર્લભ સંયમ પામનાર દીક્ષાર્થી દર્શનકુમાર ના હસ્તે વરસીદાનથી ભાવિકો ધન્ય બન્યા

બોટાદ સંપ્રદાયના શ્રી સ્થાનકવાસી જૈન સંઘ – પાળિયાદના આંગણે મુમુક્ષુ દર્શનકુમાર માલવણીયાના દીક્ષા મહોત્સવની અનેરો રંગ – ઉમંગ જામ્યો છેયુવાપ્રણેતા પૂ. જયેશમુનિ મ. સા. ની દીક્ષા રજત જયંતિ પ્રસંગે ગચ્છાધિપતિ પૂ. શૈલેષચંદ્રજી મ. સા. સહિત સહુએ શુભેચ્છા પાઠવ્યા બાદ ગલી ગલીમાં કૂતરાને રોટલા માટે આંઠ લાખનું દાન દાતાઓએ જાહેર કરતાં અન્નદાન મહાદાનથી કડવીબાઈ શામજી વિરાણી ઉપાશ્રય ગુંજી ઉઠયો હતો. મુખ્ય લાભ અમિશા અનુર્વ કામદાર અને જ્યોતિબેન બટુકભાઈ શાહ એ લીધેલ. દાતાઓનું સન્માન પાળિયાદ સંઘ કમિટીના હસ્તે કરવામાં આવેલ.

પૂ. ગુણીબાઈ મ. સ., પૂ. વસુબાઈ મ. સ. ની ૫૯મી દીક્ષા જયંતિ ઉજવાયેલ.આજે તા. ૨ને રવિવારે સવારે ૮:૧૫ કલાકે મહાભિનિષ્ક્રમણ વરઘોડો દીક્ષાર્થીના નિવાસેથી મુખ્ય માર્ગે થઈ ફૂલવાડીમાં પૂર્ણ થયા બાદ ૯:૧૫ કલાકે માણેક – નૂતન સમોસરણમાં દીક્ષામંત્રનો પ્રારંભ થશે. દીક્ષાર્થીના પાંચ આભૂષણનો ચડાવો અને નામકરણ વિધિ કરાશે. વડી દીક્ષા બોટાદ ગાદીના ગામે ઉજવાશે.પૂ. જયેશચંદ્રજી મ.સા. નું આગામી ચાતુર્માસ સુરત (પાલ), ત્યારબાદ વડોદરા અને ૨૦૨૭માં ભવાનીપુર – કોલકત્તા નક્કી કરવામાં આવેલ છેપૂ. શ્રી ધીરગુરુદેવ ધર્મસભામાં જણાવેલ કે - દેહથી સંસાર છૂટે તે ત્યાગ અને દિલથી સંસાર છૂટે તે વૈરાગ્ય છે.વધુમાં કહેલ કે – સારા દેખાવા સંપત્તિની જરૂર છે, સારા બનવા માટે સંયમની જરૂર છે. નાયક બનવાની ઈચ્છા હોય તો લાયક બનો.

પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૭ના સાવરકુંડલા લલ્લુભાઈ આરોગ્ય મંદિરમાં અને તા. ૮ના ઉપાશ્રય પધારશે.

# ૧૫ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી સુધી માતૃભાષા સત્તાની ઉજવણી કરવામાં આવી અને ૨૧ મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ ની ઉજવણી કરવામાં આવી.

શ્રી સરસ્વતી શિશુ મંદિર, ૨૮ ફેબ્રુઆરી ના રોજ વિજ્ઞાન દિવસ અને વિજ્ઞાન મેળા નુ પ્રદર્શન કરવામાં આવ્યુ. અને ૨૨ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી સુધી વિજ્ઞાન સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી. જેમાં મહેમાન તરીકે વિદ્યાલયના ટ્રસ્ટીશ્રી સુરજ પ્રકાશ નારંગ અને અજય ગુરુજી આવ્યા હતા. ૧૫ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી સુધી માતૃભાષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેમાં માતૃભાષા સપ્તાહના પ્રથમ દિવસે માતૃભાષા ઉદભવ અને વિકાસ ની સમજ અને માહિતી આપવામાં આવી. ત્યારબાદ ગુજરાતી સાહિત્યના કવિઓ અને લેખકોમાં નરસિંહ મહેતા, મીરાબાઈ ઝવેરચંદ મેઘાણી, નર્મદ અને અન્ય કવિ અને લેખકોની માહિતી આપવામાં આવી. દરેક કવિ અને




લેખકની કૃતિ એકપાત્ર અભિનય દ્વારા રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ લગ્ન સમયે જે પણ વિધિ અને લગ્ન ગીતો ગાવામાં આવે તેની સંપૂર્ણ માહિતી વિદ્યાલયના પ્રધના આચાર્ય મુકેશભાઈ રબારી દ્વારા કરવામાં આવી અને લગ્ન વિધિ ના ગીતો બિનલ દીદી અને આનંદ દીદી દ્વારા ગાવામાં આવ્યા. દરેકે દરેક બાબત કૃતિ દ્વારા બાળકોએ વંદના સમયે રજૂઆત કરવામાં આવી. જેસલ તોરલ ની કૃતિની પણ રજૂઆત કરવામાં આવી. ૨૧ ફેબ્રુઆરીના રોજ સોહમભાઈ દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે વક્તવ્ય આપવામાં આવ્યું અને તેના વિશે સમજ આપવામાં આવી. અને વિદ્યાલયના અન્ય દીદી દ્વારા ગઝલ ગીતો અને ભજનોની રજૂઆત કરવામાં આવી અને બાળકો દ્વારા પણ કાવ્ય અને ગઝલની અંતિમ રજૂઆત કરવામાં આવી.વિજ્ઞાન સપ્તાહમાં દરેક બાળકો દ્વારા અલગ અલગ પ્રયોગ કરવામાં આવ્યા.

જેમાં હેમોડાલિસિસ , વિદ્યુત ઘંટડી, વિદ્યુતના સુવાહક - અવાહક, વિદ્યુત કળ, પવન ચક્કી દ્વારા ઊર્જા ઉત્પન્ન કરવી, હોલોગ્રામ્સ, સૂક્ષ્મદર્શક યંત્ર, ઘનતા, દબાણ જેવા પ્રયોગ બતાવી બાળકોને સમજ આપવામાં આવી.

# ૦૩ માર્ચ, "વિશ્વ વન્યજીવન દિવસ"

**વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે ''વિશ્વ વન્યજીવન દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮ મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે ''વિશ્વ વન્ય જીવન દિવસ''ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયમાં સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે.**

**ગુજરાતનાં કુલ ભૌગોલિક વિસ્તારમાં ૧૯.૭૨% વન વિસ્તાર ધરાવે છે. રાજ્યમાં કુલ ૧૯,૬૪૭.૪૨ ચોરસ કિલોમીટર વન વિસ્તાર છે. ગુજરાતનાં ૩૩ જિલ્લામાંથી ૨૮ જિલ્લામાં વન વિસ્તાર આવેલો છે. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય ગુજરાતનું સૌથી મોટું વન વિસ્તાર ધરાવે છે. ગુજરાતમાં ૫૦૦૦ થી વધુ પ્રકારનાં વન્યજીવો છે. ૪૦૦ થી વધુ પ્રકારનાં પક્ષીઓ, ૫૦ પ્રકારનાં સસ્તન પ્રાણી, ૩૫ પ્રકારનાં સરિસૃપ અને ૨૦૦૦ પ્રકારનાં જંતુઓ ગુજરાતનાં વનોમાં જોવા મળે છે. ગુજરાત એશિયાટિક સિંહનું એકમાત્ર નિવાસસ્થાન છે. ગુજરાતમાં ગુલાબી ફ્લેમિંગો, કાળિયાર, ગુજરાતી ગેઝલ, ચિત્તો, રીંછ, ગૌર, ચિંકારા, સિયાળ, જંગલી બળદ જેવા ઘણા બધા પ્રકારનાં વન્યજીવો જોવા મળે છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે. રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોનું નિર્માણ કરીને, ગેરકાયદેસર શિકાર અને વન્યજીવ વેપાર પર પ્રતિબંધ લાવીને, વન્યજીવ સંરક્ષણ કાયદાઓનું અમલીકરણ કરાવીને તેમજ વન્યજીવો પ્રત્યે શિક્ષણ અને જાગૃતિ ઝુંબેશ ચલાવી શકાય છે.**

# ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રનું દિવ્ય અને ભવ્ય ઉદઘાટન સમારોહ ૨ માર્ચે ગુરુગ્રામમાં યોજાશે



## પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કોવિંદ, પંજાબ અને બિહારના રાજ્યપાલ, હરિયાણા અને દિલ્હીના મુખ્યમંત્રી ઉદઘાટન સમારોહને સંબોધશે

શ્રી શ્રી રવિશંકરજી, સ્વામી રામદેવજી, મોરારી બાપુજી, સ્વામી અવધેશાનંદજી, સાધ્વી ઋતંભરાજી સહિત વિવિધ ધર્મોના ધર્માચાર્યો વિરાટ સંત સંમેલનને સંબોધશે – આચાર્ય લોકેશજીજૈન આચાર્ય લોકેશજી 'અહિંસા વિશ્વ ભારતી' દ્વારા નવનિર્મિત ભારતના પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર' ના ઉદઘાટન સમારોહની તૈયારીઓનું નિરીક્ષણ કરવા ગુરુગ્રામ પહોંચ્યા. આ અવસરે જાપાનથી આવેલા પ્રતિનિધિમંડળને સંબોધતાં આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે વિશ્વ શાંતિ કેન્દ્રનો હેતુ સમગ્ર વિશ્વમાં 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સંતુ નિરામયઃ' નો સંદેશ પ્રસારિત કરવાનો છે.

આપણી દુનિયા તણાવમુક્ત અને હિંસામુક્ત બને, તે માટે આપણે સતત પ્રયત્નશીલ રહીશું.આચાર્યશ્રી લોકેશજીએ જણાવ્યું કે વિશ્વ શાંતિ કેન્દ્રનું ઉદઘાટન સમારોહ ભવ્ય અને દિવ્ય બની રહેશે.

સમારોહમાં ભારતના ૧૪મા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી, પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાજી, બિહારના રાજ્યપાલ આરિફ મહંમદ ખાનજી, હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીજી, દિલ્હીનાં મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તાજી, ઉત્તર પ્રદેશના ઉપમુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યજી, આર્ટ ઓફ લિવિંગના સંસ્થાપક પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી, પતંજલિ યોગપીઠના સંસ્થાપક પૂજ્ય સ્વામી રામદેવજી, પ્રખ્યાત રામકથા વાચક પૂજ્ય મોરારી બાપુજી, સ્વામી અવધેશાનંદજી, સાધ્વી ઋતંભરાજી સહિત વિવિધ ધર્મોના વિખ્યાત ધર્માચાર્યો વિશ્વ શાંતિ અને સામાજિક સમરસતાનો સંદેશ આપશે.

આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે આ અધ્યાત્મ અને સમાજ કલ્યાણના મહાકુંભમાં ભાગ લેવા માટે વિશ્વના વિવિધ ખૂણાઓમાંથી શ્રદ્ધાળુઓ ગુરુગ્રામમાં એકત્ર થવા લાગ્યા છે.

અહિંસા વિશ્વ ભારતીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી રમેશ તિવારી (રિટાયર્ડ.છ.જી) એ જણાવ્યું કે

માત્ર દિલ્હી-એન.સી.આર.માં જ નહીં, પરંતુ સમગ્ર ભારતના અનેક રાજ્યોમાં વિશ્વ શાંતિ કેન્દ્રની સ્થાપના અને ઉદઘાટન સમારોહને લઈને ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રખ્યાત મહાનુભાવોના શુભેચ્છા સંદેશો સતત મળી રહ્યા છે.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની મંથ લોંગ ઉજવણી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સમગ્ર વર્ષ દરમિયાન વિજ્ઞાન લક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.તેમજ વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

ડોક્ટર સી. વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષની થીમ "ઈર્દ્બીૅહિપ્ન્ૈહદ્બૈટ્ઠહ ર્રૈં કિ ર્ખ્તઙ્મીટ્ઠઙ્મ નીટ્ઠઙ્ઘીજિરૈહ જીષ્ઠૈીહષ્ઠી ટ્ઠહઙ્ઘ ૈંહર્હદૃટ્ઠૈંહ કિ ફૌજૈં મ્રટ્ઠટ્ઠિં." રાખવામા આવી છે જેના અંતર્ગત સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાન લક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન સમગ્ર માસ દરમ્યાન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન જુદા જુદા પ્રોગ્રામ યોજવામાં આવ્યા જેવા કે પોપ્યુલર સાયન્સ લેકચર ,સાયન્સ ક્વિઝ ,હેન્ડ્સ ઓન સાયન્સ એક્ષપરીમેન્ટસ,ફન વિથ ફીઝીક્સ ,વન્ડર ઓફ કેમિસ્ટ્રી,ફન વિથ સાયન્સ ,વિજ્ઞાન પ્રદર્શન ,વહેમ અને અંધશ્રદ્ધા નિવારણ ,ઈ-




બાયસીકલ વર્કશોપ ,આકાશ દર્શન ,સાયન્સ એક્ષ્પોઝર ટુર જેમાં ખુબ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો. સાયન્સ ક્લબ ના વિદ્યાર્થીઓને તેમના માતાપિતા સાથે પ્લાઝમા સંશોધન સંસ્થા (ઈ) ની મુલાકાતનું આયોજન કર્યું . જ્યાં તજજ્ઞો દ્વારા પ્લાઝમા એટલે શું તે કેવી રીતે બની શકે અને તેમાંથી ઊર્જા કેવી રીતે મેળવી શકાય તેના સંશોધન વિષે સમજુતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને આઈ.પી.આર. દ્વારા આયોજિત વૈજ્ઞાનિક પ્રદર્શન પણ બતાવવામાં આવ્યું હતું. નિસર્ગ સન્ડે સાયન્સ ક્લબના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પાટણ રિજીઓનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી. પાટણ રિજીઓનલ સાયન્સ સેન્ટર ડાયનોસોરની થીમ પર બનેલ છે તદ ઉપરાંત અહીં કેમેસ્ટ્રીમાં નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકોની ખૂબ જ માહિતી સભર ગેલેરી આવેલી છે . પ્રકાશ તેના પરાવર્તન અને વક્રીભવન વગેરે નિયમો સમજાવતી વિવિધ મોડલોની ગેલેરી તેમજ બાળકો શરીર વિજ્ઞાનની સમજ સરળતાથી મેળવી શકે તેવી હ્યુમન એનોટોમી ગેલેરીની મુલાકાત લીધી.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવણી અંતર્ગત આઈ.આઈ.ટી.ગાંધીનગર ખાતે પોપ્યુલર સાયન્સ લેકચર, સાયન્સ એક્ઝીબીશન ,તેમજ વૈજ્ઞાનિક રમતો નું આયોજન કર્યું હતું જેમાં નિસર્ગ સન્ડે સાયન્સ ક્લબના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.